# –:: પૂરક નોંધ ::–

- ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઉંઝામાં માર્કેટ સેસ કૌભાંડ બાબતે સંદેશ દૈનિક પત્રમાં તા.૧૫/૦૯/૨૦૨૦ ના રોજ અખબારી અહેવાલ પ્રસિધ્ધ થયેલ હતો. જેને ધ્યાને લઈ બજાર સમિતિ, ઉંઝાના વેપારી પ્રતિનિધિ (૧)શ્રી અરવિંદભાઈ સોમાભાઈ પટેલ અને (૨) શ્રી નરેન્દ્રભાઈ કાનજીભાઈ પટેલ દ્વારા તા.૧૫/૦૯/૨૦૨૦ ના પત્રથી તપાસ કરાવવા રજૂઆત કરેલ હતી. જે અન્વયે અત્રેની કચેરી દ્વારા તા.૧૫/૦૯/૨૦૨૦ ના પત્રથી નાયબ નિયામક, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર અને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાને પ્રાથમિક તપાસ સોંપવામાં આવેલ. આ ઉપરાંત બજાર સમિતિ, ઉંઝાના કર્મચારી શ્રી સૌમિલ અમૃતલાલ પટેલ દ્વારા **PG Portal** મારફત તા.૨૨/૧૦/૨૦૨૦ ના રોજ, તા.૧૫/૦૯/૨૦૨૦ ની તપાસ કરાવવા બાબતની રજૂઆત નિયામકશ્રીની કચેરીને મળેલ. જે અન્વયે નિયામકશ્રીની કચેરીના તા.૧૧/૧૧/૨૦૨૦ ના પત્રથી નાયબ નિયામક, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર અને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાને અહેવાલ રજૂ કરવા જણાવવામાં આવેલ.

- સદરહું બાબતે બજાર સમિતિ, ઉંઝાના કર્મચારી શ્રી સૌમિલ મફતલાલ પટેલ દ્વારા નામદાર જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ, ઉંઝાની કોર્ટમાં તા.૨૩/૦૪/૨૦૨૧ ના રોજ ક્રિમિનલ તપાસ નં.૨/૨૦૨૧ દાખલ કરવામાં આવેલ. જેમાં નામદાર કોર્ટ દ્વારા તા.૧૯/૦૫/૨૦૨૧ ના રોજ હુકમ કરવામાં આવેલ. સદરહું હુકમ સામે સબંધિત પ્રતિવાદીઓ સર્વ શ્રી (૧) વિષ્ણુભાઈ એમ. પટેલ (૨) આશાબેન ડી. પટેલ તથા (૩) દિનેશકુમાર એ. પટેલ દ્વારા નામદાર હાઈકોર્ટ સમક્ષ અનુક્રમે સ્પેશ્યલ ક્રિમિનલ એપ્લીકેશન નં. ૫૦૭૭/૨૦૨૧, ૫૦૭૯/૨૦૨૧ તથા ૫૦૯૭/૨૦૨૧ દાખલ કરવામાં આવેલ. સદરહું કેસોમાં નામદાર હાઈકોર્ટ દ્વારા બે કેસમાં **Rule** ઈશ્યુ કરવામાં આવેલ છે, તેમજ વચગાળાની રાહત આપતા હુકમ પણ કરવામાં આવેલ છે.

- સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન નં. ૫૦૭૯/૨૦૨૧ માં નામદાર હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલ તા.૦૨/૦૬/૨૦૨૧ ના હુકમ સામે શ્રી સૌમિલ એ. પટેલ દ્વારા નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષ એસ.એલ.પી. (ક્રિમીનલ) નં. ૬૬૭૯/૨૦૨૧ દાખલ કરવામાં આવેલ. નામ. સુપ્રિમ કોર્ટના તા.૦૧/૧૦/૨૦૨૧ ના ઓર્ડર મુજબ પીટીશનર દ્વારા એસ.એલ.પી. પરત ખેંચતા એસ.એલ.પી. રદ કરેલ છે. આમ સમગ્ર બાબત હાલ 'સબજ્યુડીસ' છે.

- નાયબ નિયામક, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર અને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા દ્વારા રજૂઆત બાબતે પ્રાથમિક તપાસ કરી માર્કેટ સેસ ચોરી/કૌભાંડની રજૂઆત પરત્વે તા.૦૯/૦૭/૨૦૨૧ ના રોજ અહેવાલ મોકલી આપેલ છે. જે તપાસ અહેવાલની વિગતે નિયામકશ્રી, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના તા.૩૦/૧૦/૨૦૨૧ ના પત્રથી વિશેષ વિગતો રજૂ કરવા જણાવેલ. આ અંગે સંબંધિત તપાસ અધિકારીના તા.૦૨/૧૧/૨૦૨૧ ના પત્રથી વધારાની માહિતી રજૂ કરેલ છે.